# વૃધ્ધાશ્રમના વડીલોના આર્શીવાદ સાથે પલકે પ્રભુતામાં પગલાં માંડ્યાં...





**કોબા પ્રેક્ષાભારતી ખાતે અમદાવાદના જૈન પરિવારની આધુનિક યુવતી પલકે જીવનસંધ્યા વૃધ્ધાશ્રમના વડીલોને પોતાના લગ્નમાં ખાસ આમંત્રિત કર્યા : પોતાની દિકરીના લગ્નમાં હાજરી આપતા હોય તેવી લાગણી સાથે આ લગ્નના સાક્ષી બનેલા વડીલો માટે આ પ્રસંગ આજીવન સંભારણું**

ગાંધીનગર, તા. ૨૯

કોબા સ્થિત પ્રેક્ષા વિશ્વ ભારતી સંસ્થાના પ્રાંગણમાં આજે યોજાયેલા એક લગ્ન સમારંભનો માહોલ અદભૂત હતો. સ્ટેજ પર લગ્નવિધિ ચાલી રહી હતી ત્યારે આ લગ્નવિધિ માણી રહેલા વડીલોની આંખોના ખુણા ભીના થઈ ગયા હતા અને તેમના હાથ વારંવાર પલક અને તેના જીવનસાથી ચિરાગને આર્શીવાદ આપવા ઉઠતા હતા. આ વડીલો પલક કે ચિરાગના સગા સંબંધી ન હતા પરંતુ જીવનસંધ્યા વૃધ્ધાશ્રમમાં રહેતા વડીલો હતા. આ નિરાધાર વડીલોના આર્શીવાદ સાથે પોતાનું લગ્નજીવન શરૂ કરવા ઈચ્છતી પલક અને તેના પરિવારે આ વડીલોને લગ્ન સમારંભની તમામ વિધિઓમાં હાજર રાખ્યા હતા અને અદભુત આગતા સ્વાગતા કરી હતી.

પોતાના જણ્યા સંતાનો જ્યારે કોઈ સારા પ્રસંગમાં પણ વૃધ્ધાશ્રમના આ વડીલોની હાજરી ઈચ્છતા નથી ત્યારે માત્ર લાગણીના સંબંધે જોડાયેલી પલકે આ નિરાધાર વડીલોને લગ્નને માણવાનો મોકો આપી દિકરીને વળાવવાનો આનંદ આપ્યો. ફેશન ડિઝાઈનર પલક દકના આ નિર્ણયને તેના પરિવારજનોએ ખુબ ઉત્સાહથી વધાવ્યો છે. મૂળ રાજસ્થાનના જૈન પરિવારની દિકરી પલક દક સંયુકત પરિવારમાં રહે છે. દક પરિવાર કોઈ પણ પ્રસંગ જીવનસંધ્યા વૃધ્ધાશ્રમમાં જઈને ઉજવે છે. કોઈનો બર્થ ડે હોય કે તિથિ તમામ પ્રસંગોમાં આ વડીલોને સાથે રાખવાનો સીલસીલો દક પરિવારે જાળવી રાખ્યો છે. જયારે પલક દકના લગ્ન ચિરાગ મહેતા સાથે નિર્ધાયા તે પળથી જ તેણે આ વડીલોના આર્શીવાદ સાથે તેમની નિશ્રામાં જ લગ્ન કરવાનું નક્કી કર્યુ.

આજે યોજાયેલા તેના લગ્ન પ્રસંગમાં જીવન સંધ્યા વૃધ્ધાશ્રમના ૨૦૦ જેટલા વડીલો હાજર રહ્યા હતા. વૃધ્ધાશ્રમના સંચાલક ફરસુભાઈએ જણાવ્યું કે જયારથી પલકે આ નિર્ણય લીધો હતો ત્યારથી જ વડીલો તેના લગ્નમાં હાજરી આપવા થનગની રહ્યા હતા. આજે જયારે નવ યુવાનો લગ્નમાં અને મોજશોખમાં ખોટા

● અનુસંધાન પાન-૭ પર

# મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી આજે પોતાનું ઉમેદવારીપત્ર ભરશે

અમદાવાદ, તા. ૨૯

ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે ૩૦ નવેમ્બરે મણિનગર વિધાનસભાના ભાજપના ઉમેદવાર તરીકે સતત ત્રીજીવાર



ઉમેદવારીપત્રક ભરશે. ફોર્મ ભરતા અગાઉ મણિનગર વિસ્તારના કાર્યકર્તાઓને સંબોધશે. પ્રદેશ મીડીયા સેલના સહકન્વીનર ડો. હર્ષદ પટેલે જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે ૧૧.૦૦ કલાકે આવકાર હોલ પાસેનું મેદાન, ગુરુજી બ્રીજના છેડે, મણીનગર ખાતે મણિનગર વિધાનસભાના કાર્યકર્તાઓને માર્ગદર્શન આપ્યા બાદ, કલેક્ટર કચેરી સુભાષબ્રીજ ખાતે વિજયમુહુર્ત ૧૨.૩૯ કલાકે ઉમેદવારી પત્રક ભરશે. ઉલ્લેખનીય છે કે સતત ત્રીજીવાર મુખ્યમંત્રી મણીનગરના ઉમેદવાર તરીકે ઉમેદવારીપત્રક ભરશે. ભાજપાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પરસોત્તમ રૂપાલા સહિત કાર્યકર્તાઓ આ પ્રસંગે ઉપસ્થિત રહેશે.

# જિલ્લાની પાંચ બેઠકો પર અત્યાર સુધીમાં ૨૬ ઉમેદવારીપત્રો ભરાયાં

## સૌથી વધુ ઉમેદવારીપત્રો કલોલમાંથી ભરાયાં

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર જિલ્લામાં સમાવિષ્ટ પાંચ વિધાનસભા મતવિસ્તારમાં વધુ ૧૧ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. આજે



ઉમેદવારી પત્ર ભરવાનો અંતિમ દિવસ છે અને આજે સૌથી વધુ ફોર્મ ભરાશે તેમ મનાઈ રહ્યું છે.

આજ સુધી જિલ્લામાં સૌથી વધુ ઉમેદવારી પત્રો કલોલ વિધાનસભા મતવિસ્તારમાંથી ભરાયા છે. કલોલમાં આજે પણ વધુ છ ઉમેદવારી પત્રો ભરાયા છે. આજે કલોલમાં સમાજવાદી પાર્ટીએ પણ ઉમેદવારી નોંધાવી છે. તો સનાતન સમાજ તરફથી પણ એક ઉમેદવારી પત્ર રજુ કરાતાં કલોલના રાજકીય વાતાવરણમાં ગરમાવો આવી જવા પામ્યો છે.

કલોલમાંથી આજે એક મહિલા ઉમેદવાર સહિત છ ઉમેદવારી પત્રો રજુ થયા હતા. જેમાં પારેખ અરૂણાબેન શીવાભાઈ, વ્યાસ વિષ્ણુપ્રસાદ છોટાલાલ, વાઘેલા રમેશભાઈ દેવજીભાઈ, પટેલ ઈશ્વરભાઈ અંબાલાલે અપક્ષ ઉમેદવારી નોંધાવી છે. જ્યારે સમાજવાદી પાર્ટીમાંથી ચૌહાણ ગુલામહુસેન ઉમરભાઈ અને સનાતન સમાજ તરફથી મહંતશ્રી ધરમદાસજી બાપુ (ગુરૂ) બજરંગદાસ બાપુનો સમાવેશ થાય છે.

દહેગામમાંથી પણ આજે એક મહિલા સહિત બે ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. જેમાં લોકતાંત્રિક રાષ્ટ્રવાદી પાર્ટીના સાગઠીયા છગનભાઈ ટપુભાઈ અને શાહ નિર્મલાબેન અશોકભાઈનો સમાવેશ થાય છે.

● અનુસંધાન પાન-૭ પર

# ચૂંટણીલક્ષી કામના પ્રેશરથી નાયબ મામલતદારનો આપઘાત

## નવી કલેકટર કચેરીના ધાબે જઈને પડતું મુક્યું ચીટનીશ શાખામાં ફરજ બજાવતા હતા

ગાંધીનગર, તા. ૨૯

જિલ્લા કલેકટરની ચીટનીશ શાખામાં નાયબ મામલતદાર તરીકે ફરજ બજાવતા ૫૨ વર્ષીય છે. પ્રાથમિક તપાસમાં ચૂંટણીલક્ષી કામગીરીના વધુ પડતાં પ્રેશરથી કંટાળી જઈને નાયબ મામલતદારે આપઘાત કરી લીધો હોવાનું જાણવા મળ્યું છે.





### પરીવારજનો દ્વારા નાયબ મામલતદારની આંખોનું દાન

**નાયબ મામલતદારના આપઘાત બાદ મૃતદેહ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ પોસ્ટમોર્ટમ માટે લઈ જવામાં આવ્યો હતો. દરમિયાન મૃતકના પરિવારજનોએ મૃત્યુને સ્વિકારીને ઘરના મોભી પ્રવિણભાઈ ગુર્જરની આંખો સદાય જીવંત રહે તેવા ઉમદા આશયથી ચક્ષુદાન કર્યું હતું. પરિવારજનોના આ ઉદાહરણરૂપ નિર્ણયથી બે વ્યકિતઓ દુનિયાને જોવા માટે સક્ષમ થશે તેમાં બે મત નથી.**

ગાંધીનગર શહેરના સેકટર-૭-ડી પ્લોટ નં. ૭૮૧/૧ ખાતે રહેતા ૫૨ વર્ષીય પ્રવિણભાઈ એમ. ગુર્જર ગાંધીનગર જિલ્લાની નવી કલેકટર કચેરી ખાતે ચીટનીશ શાખામાં નાયબ મામલતદાર તરીકે ફરજ બજાવતા હતાં. તાજેતરમાં જ પ્રવિણભાઈને કલાર્કથી નાયબ મામલતદારનું પ્રમોશન મળ્યું હતું. આજે સવારના સુમારે તેઓ કચેરીમાં આવ્યા અને કોઈને કાંઈ કહ્યા વિના કલેકટર કચેરીના ધાબા પર ચઢી ગયા હતાં. કચેરીના ધાબેથી ઝંપલાવીને તેમણે આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ હતી. કલેકટર કચેરીની પાછળના ભાગેથી આવેલા દહેનાક અવાજને સાંભળીને તમામ અધિકારીએ આજે સવારના સુમારે કચેરીએ આવ્યા બાદ કોઈ અગમ્ય કારણોસર કલેકટર કચેરીના ધાબે ચઢીને ઉપરથી પડતું મુકી જીવનલીલા સંકેલી નાંખી હતી. ઘટનાની જાણ થતા જ જિલ્લા કલેકટર સહિત પોલીસ અધિકારીઓ સ્થળ પર આવી પહોંચ્યા હતા. સે-૭ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી વધુ તપાસ આરંભી

● અનુસંધાન પાન-૭ પર

**ફર્નિચર ભાડે મળશે**

ફ્રીજ, ટી.વી., સોફાસેટ, ડાઈનીંગ ટેબલ, તિજોરી, કોમ્પ્યુટર ટેબલ, એ.સી., વગેરે ઘર વપરાશનું તેમજ ઓફીસનું ફર્નિચર ભાડે મળશે.

મો. : ૯૮૭૯૮ ૩૪૯૯૩
મો. : ૯૮૨૫૦ ૫૧૨૫૬

**ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ**

ગાંધીનગર સમાચાર ફોન - ૨૩૨૨૨૫૭૧ ફોન - ૨૩૨૩૭૫૭૧

**ટચુકડી જાહેર ખબર**

દર ગુરુવારે-રવિવારે

ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨૨૨૫૭૧




**આપના અવસરને ઉત્સવ બનાવો...**

અમારે સંગ આપ આપની ઉજવણીને જીવનભર સાચવી શકશો

વિડીયોગ્રાફી-ફોટોગ્રાફી માટે સંપર્ક કરો

મો. ૯૮૨૪૮ ૨૮૧૬૯

### બેસણું

અમારા માતુશ્રી **ચંચળબા છગુભા વાઘેલા**નું દુ:ખદ અવસાન થયેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૩૦-૧૧-૨૦૧૨ને શુક્રવારે સવારે ૯-૦૦ થી ૨-૦૦** દરમિયાન અમારા નિવાસસ્થાને રાખેલ છે.

**નિવાસસ્થાન**
**મુ. અંબોડ, તા. માણસા**
**જિ. ગાંધીનગર**

**લિ.**
**પરેશસિંહ છગુભા વાઘેલા**

### જાહેર આમંત્રણ



**નરેન્દ્રભાઈ મોદી** | **શંકરભાઈ ચૌધરી** | **આર. સી. ફળદુ** | **કીર્તીસિંહ વાઘેલા**

**કાંકરેજ-૧૫ વિધાનસભા બેઠકના ભાજપના ઉમેદવારશ્રી કીર્તિસિંહ પ્રભાતસિંહ વાઘેલા તા. ૩૦-૧૧-૨૦૧૨ને શુક્રવારના રોજ સવારે ૧૧-૦૦ કલાકે ઉમેદવારીપત્ર ભરવાના હોઈ આ પ્રસંગે કાંકરેજ તાલુકા સહિત સમગ્ર મતવિસ્તારના ભાઈ-બહેનો, માતાઓ, ભાજપના આગેવાનો, વિવિધ મોરચાના પદાધિકારીઓને તા. ૩૦-૧૧-૨૦૧૨ને શુક્રવારે સવારે ૯-૦૦ કલાકે ખારીયા, ઓગડજી ફાર્મ હાઉસ ખાતે પધારવા ભાવભીનું આમંત્રણ પાઠવું છું.**

**વાઘેલા કીર્તીસિંહ પ્રભાતસિંહ**

**મુ. ખારીયા, તા. કાંકરેજ, જી. બનાસકાંઠા**

**મો. : ૯૭૧૨૧૦૩૯૯૯**




Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેકટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેકસ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com